**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરીજનોએ ઘરમાં જ રહી નવા વર્ષને વધાવ્યું

## ઓનલાઈન ગેધરીંગ, લિમિટડ ફ્રેન્ડસ હોમ પાર્ટી સાથે ઘરે જ નવી વાનગી બનાવી : ધીસ ન્યુ યર નેટફલીકસ એન્ડ ચીલના હેશટેગ સાથે શહેરીજનોએ નવા વર્ષને વધાવ્યું

ગાંધીનગર, તા.૧

નવા વર્ષનો પ્રથમ દિવસ શહેરીજનોએ પરિવાર સાથે વિવિધ વાનગી બનાવી તથા વહેલી સવારે કુદરતના ખોળે માણ્યો હતો. કોરોનાને કારણે શહેરમાં આઠ વાગ્યા બાદ કરફયુની સ્થિતિ હતી એટલે શહેરના યુવાનોને પોતપોતાના ઘરે જ રહેવાની ફરજ પડી હતી. સાથે નવું વર્ષ પરિવારજનો સાથે માણવાનો લ્હાવો પણ મળ્યો હતો. શહેરના ઘણા પરિવારોએ પોતાના ધાબા ઉપર કેમ્પફાયર કરી ઉની ઉન શીંગ ખાઈને કે, તુવેર ટોઠા અને હળદળીયું બનાવી ઉજાણી કરી હતી તો અમુક યુવાનોએ ભેગા થઈ ન્યુ યરની કેક બનાવી નાની અમથી હોમ મ્યુઝિક પાર્ટી કરીન ગપશપ કરી હતી. અમુક પરિવાર દ્વારા વિડીયો કોલના માધ્યમથી ઈનડોર ગેમ્સ






રમવામાં આવી હતી ત્યારે નાના બાળકોએ ઓનલાઈન કાર્ટુન જોવા સાથે હોમ મેડ કેક ખાઈને નવા વર્ષને વધાવ્યું હતું.

આ વર્ષે કોરોનાને કારણે દર વર્ષની જેમ ટીવીમાં નવા વર્ષે થતા કાર્યક્રમ રીલીઝ થયા ન હતા એટલે મોટાઓને નવા વર્ષ પહેલાની સાંજ બોરીંગ લાગી હતી પરંતુ યુવાનોએ નેટફલીકસ અને એમેઝોન પ્રાઈમના માધ્યમથી મોટાઓને ફિલ્મો બતાવી તેમના કંટાળાને દૂર કર્યો હતો. શહેરના ઘણા યુવા મિત્રોએ ભેગા થઈને હોમ પીત્ઝા પાર્ટી પણ કરી હતી. સોશિયલ મિડીયા પર પણ ગુડબાય ૨૦૨૦ એન્ડ વેલકમ ૨૦૨૧ના હેશટેગે ધૂમ મચાવી હતી.

નવા વર્ષની સવારે શહેરના તમામ મોટાઓ અને યુવાનોએ કુદરતી દશ્યોને નિહાળ્યા હતા. સર્વેએ આ દિવસે ફીટનેસ ગોલ ૨૦૨૧ના નિશ્ચય સાથે નવા વર્ષના પ્રથમ દિવસે વોકીંગ, જોગીંગ અને યોગા કરીને માણ્યો હતો. શહેરના ઘણા યુવાનોએ નવા વર્ષની પ્રથમ સવારના સૂરજ અને ફૂલોના ફોટાની પોસ્ટ સોશિયલ મિડીયામાં અપલોડ કરી આવકાર્યો હતો. આમ, શહેરીજનોએ પોતપોતાની રીતે નવા વર્ષને વધાવ્યું હતું.

## બાસણ ગામની મુલાકાત લઈ મેયરશ્રીએ પડતર પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી




ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવવામાં આવેલા બાસણ ગામની મુલાકાત મેયરશ્રી રીટાબેન પટેલે લીધી હતી. ગામની સરકારી શાળામાં યોજવામાં આવેલા લોકસંવાદ દરમિયાન મેયરશ્રીએ ગામના આગેવાનો અને નાગરિકો સાથે વાતચીત કરવાની સાથે તેમની સમસ્યાઓ અને પ્રશ્નો અંગે ચર્ચા કરીને તેના ક્રમસર ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી. મેયરશ્રીએ અહીં ગ્રામજનોને જણાવ્યુ હતું કે ગામમાં પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટલાઈટ, શાળાનું નવીનીકરણ સહિત તમામ સુવિધાના આયોજન હાથ ધરવામાં આવ્યા છે અને નજીકના ભવિષ્યમાં લોકોને આ સુવિધાઓનો લાભ મળતો થશે.




સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ખ્રિસ્તી નવા વર્ષના પ્રથમ દિવસે 'ઈન્ડિયન અને વેસ્ટર્ન' એક પાત્રિય અભિનયની હરિફાઈનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી.

## સ્ટેટ બેંકની ઉદ્યોગભવન બ્રાંચના બંને એટીએમ ખોટકાયા...!!

ગાંધીનગર, તા.૧

એક તરફ વડાપ્રધાન ડિજીટલ ઈન્ડિયા અને જનધન યોજના વગેરે થકી દેશનો એકવીસમી સદીમાં 'નયા ભારત' તરીકેની ઓળખ આપવા પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ બીજી તરફ દેશની 'સરકારી બેંક' તરીકેની ઓળખ ધરાવતી સૌથી મોટી બેંક 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા'માં ગ્રાહકોને સર્વિસ બાબતે બેદરકારી દાખવતી હોવાની ફરિયાદો છાશવારે ઉભી થઈ રહી છે. શહેરના સેકટર-૧૧માં ઉદ્યોગ




ભવન ખાતેની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખાના પ્રવેશદ્વાર પાસેના એટીએમ કેન્દ્ર પર વારંવાર એટીએમ મશીન ખોટકાવાની સમસ્યાનો અનુભવ ગ્રાહકોને થઈ રહ્યો છે અને ફરી એકવાર આ સમસ્યાએ માથું ઉંચકયું છે અને એક સાથે બંને એટીએમ મશીન બંધ હોવાને કારણે ઉદ્યોગભવનના કર્મચારીઓ સહિત આસપાસના ભરચક કોમર્શિયલ વિસ્તાર તેમજ સરકારી કચેરીઓના વિસ્તારના અસંખ્ય ગ્રાહકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

## સિવિલમાં ઓર્થોપેડીક-સર્જરી વિભાગના ઓપરેશન શરુ થાય તેવી શકયતા

### કોરોનાના કેસ ઘટતા અન્ય દર્દીઓ તરફ તંત્ર દ્વારા ધ્યાન કેન્દ્રીત કરાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૯ માસથી સતત કોરોના દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. તંત્ર દ્વારા કોરોનાના દર્દીઓને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. પરંતુ હાલના સમયે કોરોના કેસ ઘટતા જ હોસ્પિટલના સત્તાધિશોએ અન્ય દર્દીઓ તરફ પણ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ઓર્થોપેડીક, સર્જરી, ઈએનટી, ઓપ્થેમોલોજી સહિતના વિભાગના દર્દીઓને સારવાર અને ઓપરેશન પણ કરવામાં આવે તે દિશામાં સિવિલ તંત્ર દ્વારા કામગીરી ચાલી રહી છે. જેને પગલે કોરોના સિવાય અન્ય દર્દીઓને પણ રાહત મળી છે.

ગાંધીનગર શહેરમાં કોરોના એ કોહરામ મચાવ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ૬૦૦ બેડની હોસ્પિટલને કોવીડમાં ફેરવી દેવાઈ હતી. એક તબક્કે પાંચ માળ થી ૮ માળ સુધી કોવીડ દર્દીઓ હોસ્પિટલ સારવાર હેઠળ હતા. ત્યારે હાલના સમયે કોરોનાના દર્દીઓ ઘટ્યા છે. તેને પગલે હવે મેડીસીન સિવાય અન્ય વિભાગ ફુલ ફલેગમાં કામગીરી કરે તેવી શકયતાઓ છે. ૬૦૦ બેડમાં દર્દીઓને એડમીટ કરીને ઓપરેશન થઈ શકે તે માટે વ્યવસ્થા પણ વધારવાની કવાયત ચાલી રહી છે.કોરોનાના કેસ ઘટતા જ ફકત આઠમાં માળે જ કોવીડ દર્દીઓને સારવાર અપાઈ રહી છે. જયારે ૭ મો માળ કોરોના માટે આરક્ષિત રાખવામાં આવ્યો છે. જયારે ૧ થી ૬ માળ સુધીના વોર્ડ ખાલી રહ્યા છે. ત્યારે હવે મેડીસીન વિભાગ સિવાય અન્ય ઓર્થોપેડીક,સર્જરી, ઈએનટી અને ઓપ્થેમોલોજી સહિતના વિભાગ શરુ કરવા માટે અને ઓપરેશન થઈ શકે તે માટે બેઠકો કરી તજવીજ હાથ ધરાઈ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાને પગલે ઓપીડી વિભાગમાં પણ ગણતરીના દર્દીઓ સારવાર માટે આવતા હતા. પરંતુ કોરોના કેસ ઘટતા જ તમામ વિભાગની ઓપીડીમાં પણ દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે. ત્યારે કોરોનાના સમયગાળા પહેલા હોસ્પિટલ ધમધમતી હતી તેવી હવે ટુંક સમયમાં ધમધમશે તેમ લાગી રહ્યું છે.

## ગાંધીનગર જિલ્લામાંથી ૩૨ પીધેલા પોલીસની ઝપટે ચડ્યા

ગાંધીનગર, તા.૧

૩૧ મી ડિસેમ્બરને પગલે શહેર-જિલ્લા વિસ્તારમાં પોલીસે લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. શહેરના તમામ પ્રવેશદ્વાર પર વાહનચેકીંગની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરાઈ હતી. જયારે રાત્રીના સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ પેટ્રોલીંગ કરી ખાસ તકેદારી રાખવામાં આવી હતી. શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં આવેલી હોટલો, રેસ્ટોરન્ટ, ફાર્મહાઉસ, સહિતના સ્થળો પર પોલીસે સઘન ચેકીંગ કર્યું હતું. ગાંધીનગર જિલ્લામાં ૩૧ મી ડિસેમ્બરની પાર્ટી માટે કોઈપણ ને મંજુરી ન મળતા રાત્રીના સમયે સુમસામ લાગતુ હતું. ત્યારે પોલીસના સતત પેટ્રોલીંગ વચ્ચે ગાંધીનગર જિલ્લામાંથી વિવિધ સ્થળો પરથી ૩૨ દારુડીયા ઝડપાયા હતા. શહેરમાં પોલીસના સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે સમયે ચ-૭ થી ચ-૬ તરફ આવતા એક ફોર્ચ્યુનર ગાડીનો સેકટર-૧ માં રહેતો ચાલક પીધેલી હાલતમાં ઝડપાયો હતો. પોલીસે પીધેલી હાલતમાં હોવાથી કાર પણ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે રાંધેજા ચોકડી પાસે રાંધેજા ગામના યુવકને બાઈક સાથે પીધેલી હાલતમાં પકડી પાડ્યો હતો. જયારે ઘ-૨ સર્કલ પાસે થી પણ છાપરામાં રહેતા યુવકને પોલીસે પીધેલી હાલતમાં હોવાથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે કલોલ, માણસા અને દહેગામમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાંથી દારુ પીધેલા નાગરીકો પોલીસ પેટ્રોલીંગ દરમિયાન પોલીસની ઝપટે ચડી ગયા હતા. દારુડીયાઓ સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રૂપાલ ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામે જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૨૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન રૂપાલ ગામે જુગાર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે મંદિર પાછળ આવેલા તળાવ ખાતે સ્થળ પર જઈ રેઈડ પાડતા બાજી માંડીને બેઠેલા રૂપાલ ગામના અજય રોહિતભાઈ દંતાણી (ઉં.૨૨), ગોપાલ નવઘણભાઈ દંતાણી (ઉં.૨૫), રાહુલ બળદેવભાઈ દંતાણી (ઉં.૧૯), અને સુરેશ નવઘણ દંતાણી નો સમાવેશ થાય છે. પોલીસે રૂ.૪૨૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# નવા વર્ષ ૨૦૨૧ના પ્રારંભે પ્રકૃતિ રક્ષા અભિયાનનો 'નૂતન' અભિગમ...!!

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં સેકટર-૨૨ ખાતે ઢોર ડબાથી પંચદેવ મંદિર સુધીના આંતરિક માર્ગને પહોળો કરવા તંત્ર દ્વારા આશરે ૩૦૦ જેટલાં વૃક્ષોની કટૌતી કરવાના લીધેલા નિર્ણય અને હાથ ધરેલી કામગીરીને અનુલયીને શહેરના પર્યાવરણપ્રેમીઓ દ્વારા ચલાવાતી લડત 'પ્રકૃતિ રક્ષા અભિયાન' અંતર્ગત આજે વર્ષ ૨૦૨૧ના પ્રથમ દિવસે વૃક્ષો પર હૃદયસ્પર્શી સુત્રો લગાડી નૂતનવર્ષનો પ્રારંભ વૃક્ષોનું નિકંદન અટકાવવાની અપીલ સાથે કર્યો છે. પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા સંવેદનહીન તંત્ર એ જે વૃક્ષોને કાપવા માટે માર્કિંગ કર્યું છે તેના પર જે બોર્ડ લગાડયા છે જેમાં વૃક્ષ પોતાને બચાવવા માટે આજીજી કરતું હોય તેવા લાગણીસભર સુત્રો લખવામાં આવ્યા છે. પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા શહેરમાં વિકાસના નામે હરિયાળીનું નિકંદન કાઢવાનું તંત્ર એ જે નક્કી કર્યુ છે તેની સામે વિનમ્રતાપૂર્વક વિરોધ પ્રગટ કરવામાં આવ્યો છે અને શહેરમાં કોઈ પણ વિકાસ કાર્ય જે વૃક્ષો કાપીને કરવામાં આવશે તો ભવિષ્યમાં વિકાસને બદલે વિનાશ સમાન બની રહેશે તેવી અપીલ સાથે અગાઉ શાંતિ રેલી યોજી હતી. આ પછી અભિયાન દ્વારા કલેકટર અને મેયર સહિત પીએમઓ પોર્ટલ અને મુખ્યમંત્રી સુધી આવેદનપત્ર આપીને વૃક્ષો કાપવાનો નિર્ણય રદ કરવા માંગ કરી છે. આજે નૂતન વર્ષ ૨૦૨૧ના પ્રારંભે ફરી એકવાર પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા અનોખો અભિગમ અપનાવતા વૃક્ષો પોતે કપાઈ જતા બચાવવાની માનવી સમક્ષ હૃદયદ્રાવક અપીલ કરતાં હોય તેવા સુત્રો વૃક્ષો પર લગાવ્યા છે જે પછી પણ જો તંત્રની આખો ના ખૂલે તો તે ચોકકસ સંવેદનશીલતા ગુમાવી ચુકયું છે તેવું પ્રતિત થશે તેવો માહોલ ખડો થવા પામી રહ્યો છે.

### સે-૨૨માં જે વૃક્ષો કાપવા માટે માર્કિંગ કરાયું છે તેના પર હૃદયસ્પર્શી સુત્રો લગાડીને વૃક્ષોની વેદનાને વાચા આપવા પ્રયાસ કર્યો







### મારી હત્યા ના કરો : વૃક્ષોનો ચિત્કાર...!!

**પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા નવા વર્ષના પ્રારંભે ફરી નૂતન અભિગમ અપનાવતા સે-૨૨નો આંતરિક રોડ પહોળો કરવા કાપવા માટે નિયત કરાયેલા વૃક્ષો પર જે સુત્રો લગાડયા છે તે ખૂબ જ હૃદયસ્પર્શી છે, જાણે વૃક્ષો આજીજી કરી રહ્યાં છે કે....**

- **શું હું તમને નડું છું?**
- **મારો શું વાક?**
- **મારી મદદ કરો.**
- **મારી હત્યા ના કરો.**
- **શું મને જીવવાનો અધિકાર નથી?**
- **ડોન્ટ કીલ મી.**
- **વરસાદ કયાંથી લાવશો?**
- **છાંયડો કયાંથી લાવશો?**
- **મને બચાવો.**

## ગાંધીનગર ફાયર બ્રિગેડને જીએસપીએલ દ્વારા ફાયરની પાંચ ગાડીની ભેટ




શહેરની સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી જીએસપીએલ કંપની તરફથી ફાયર વિભાગને ફાયરની પાંચ ગાડીની ભેટ અપાઈ છે. વોટર અને ડીસીપી ટેન્ડર ધરાવતી આ ગાડી મળતા ફાયરના કાફલામાં તોતિંગ વધારો થયો છે. જીએસપીએલ દ્વારા ફાયર વિભાગને આપવામાં આવેલી ગાડીનો ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. ગાંધીનગર ફાયર વિભાગ પાસે ફાયરના ૧૪ વાહનો છે, જેમાં ૫ નો વધારો થતા ફાયર કર્મચારીઓમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી હતી.

## સે-૨૪માં '૨૧ યુનિટસ' રકતદાન થકી '૨૦૨૧'નો શુભારંભ

### એક પરિવારના માતા-પિતા-પુત્રએ સાથે મળીને રકતદાન કર્યું





ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૨૪ ખાતે કોલવડા રોડ પર ગોપાલ ડેરીની બાજુમાં શહેરના એક માત્ર 'પ્રધાનમંત્રી જનધન ઔષધિ' જૈનરિક દવાઓના સ્ટોરનો પ્રારંભ કરનાર મહિલા સાહસિક ફોરમ જયેન્દ્રભાઈ ગજ્જર દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની કલોલ શાખાની મદદથી વર્ષ ૨૦૨૧ના પ્રારંભે રકતદાન શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં આ શિબિરમાં એક પરિવારના માતા-પિતા અને પુત્ર એમ ત્રણ જણે એક સાથે મળીને રકતદાન કરી સમાજ સમક્ષ ખૂબ જ પ્રેરણાદાયી ઉદાહરણ પુરું પાડયું હતું. થેલેસેમિયાના દર્દીઓને રકતની પડતી સતત જરૂરિયાતને અનુલક્ષીને મદદરૂપ થવાના હેતુથી આયોજિત આ રકતદાન શિબિરમાં શહેરના મહિલા કોર્પોરેટર, હર્ષાબા ધાંધલે પણ રકતદાન કર્યું હતું. આ પ્રસંગે સામાજિક અગ્રણી જીલુભા ધાંધલ, શહેર ભાજપ મહામંત્રી વીણાબા ઝાલા, ઈન્ડિયન રેડક્રોસ કલોલના સેક્રેટરી દિલીપભાઈ દવે સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. સુથાર કાન્તીલાલ શંકરલાલ, ઉ.વ. ૮૧, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. નાયી સીતાબેન અમૃતભાઈ, ઉ.વ. ૭૨, માણેકપુર, તા. માણસા
- સ્વ. પાઠક પ્રવિણચંદ્ર કેશવલાલ, ઉ.વ. ૬૫, રિદ્રોલ, તા.માણસા
- સ્વ. સોલંકી કરણ રાજેશભાઈ, ઉ.વ. ૧૮, રાયસણ, તા.જી. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. કાન્તાબેન મગનભાઈ પટેલ, ઉ.વ. ૭૮, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મીલનભાઈ વિશ્વાસ વૈષ્ણવ, ઉ.વ. ૫૦, સરગાસણ, તા. ગાંધીનગર